## સંક્ષિપ્ત સમાચાર

### જબુગામ પ્રથમિક શાળામાં વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી, વિદ્યાર્થીઓમાં ઉત્સાહ




**બોડેલી** : બોડેલી તાલુકામાં આવેલ જબુગામ પ્રાથમિક શાળાના નાના નાના ભૂલકાઓ તથા વિદ્યાર્થીઓ ને લઈ આ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ જિલ્લા શિક્ષણ વિભાગના ચેરમેન સંજયભાઈ રાઠવા તથા તાલુકા પંચાયત પ્રમુખ શીતલ કુવરબાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો કાર્યક્રમ ની શરૂઆત મહેમાનો દ્વારા દીપપ્રાગટ્ય કરી કરવામાં આવી હતી જબુગામ પ્રાથમિક શાળા માં સૌ પ્રથમ વખત વાર્ષિક ઉત્સવ ની ઉજવણી કરવામાં આવી છે જયારે ગામના જાગૃત યુવાનો દ્વારા ઉત્સાહ પૂર્વક કાર્યક્રમ ની તૈયારી કરવામાં આવી હતી. અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

### પોલીસ ભરતીના 80 જેટલા વિદ્યાર્થીઓને પુસ્તકોનું વિતરણ કરી પ્રોત્સાહન આપતા જમાદાર નગીનભાઈ



**છોટાઉદેપુર** : હાલ માં છેલ્લા બે મહિનાથી ગુજરાત સરકાર પોલીસ ભરતી બોર્ડ દ્વારા પોલીસ ભરતી માટે રનીંગ ટેસ્ટ ચાલી રહ્યા છે. જેમાં ગુજરાત ના યુવાનો પોલીસ માં ભરતી થવા માટે તનતોડ મહેનત કરી રહ્યા છે અને જેમાં પણ છોટાઉદેપુર જિલ્લા ના ઘણા બધા યુવાનો એ આ રનીંગ ટેસ્ટ પાસ પણ કરી લીધેલ છે જેમાંથી ઘણા બધા યુવાનો ની ઘરની આર્થિક સ્થિતિ ખુબજ નબળી હોવાના કારણે લેખિત પરીક્ષા ની તૈયારી માટે ના પુસ્તકો પણ ખરીદી શકતા નથી જેના કારણે યુવાનો માં હતાશા આવતી હોય છે. ત્યારે કદવાલ પોલીસ મથક માં ફરજ બજાવતા નગીનભાઈ રાઠવાએ એક નવી પહેલ કરી છે.

### સંખેડા તાલુકાના હાંડોદ-પીપળશટ ગામ પાસે આવેલી બરોડા પબ્લિક સ્કૂલ ખાતે આણંદ મેળો યોજાયો



**સંખેડા** : સંખેડા તાલુકાના હાંડોદ અને પીપળશટ ગામ વચ્ચે આવેલી બરોડા પબ્લિક સ્કૂલ ખાતે 'આણંદ મેળો' યોજાયો હતો. આ કાર્યક્રમમાં છોટાઉદેપુરના એજ્યુકેશન ઇન્સ્પેક્ટર કે.બી. પાંચાણી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને હાંડોદ ગામના ડેપ્યુટી સરપંચ વિશાલભાઈ પટેલ તેમજ સ્કૂલના આચાર્ય સહિત મેળાનો શુભારંભ કરાવ્યો હતો. આ આણંદ મેળામાં વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓના સ્ટોલ તેમજ મનોરંજક રમતોના સ્ટોલ ગોઠવવામાં આવ્યા હતા. મુખ્ય મહેમાન પાંચાણીએ આ સ્ટોલની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓ તથા આયોજકોને પ્રોત્સાહિત કર્યા હતા.

### બોડેલી APMC ખાતે મિલિટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત મેળાનું આયોજન કરાયું



**બોડેલી** : છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી એપી એમ સી ખાતે મિલિટ ડેવલપમેન્ટ યોજના અંતર્ગત કૃષિ મેળો અને પ્રાકૃતિક કૃષિ પરિ સંવાદ યોજાયો હતો જેમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના વરદ હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી પીએમ કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત 22 માં હપ્તાની રકમ ડી. બી. ટી ડિસ્ટ્રિક્ટ બેન ની ફિલ્ડ ટ્રાન્સફર દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું આ રાષ્ટ્રીય કાર્યક્રમના ભાગરૂપે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ બોડેલી શાખામાં અને પ્રોજેક્ટ ડાયરેક્ટ આત્મા છોટાઉદેપુરના સંયુક્ત મિલે ટ્રસનું આંતરરાષ્ટ્રીય વર્ષ 2024 25 અંતર્ગત તાલુકા કક્ષાનો કૃષિ મેળો યોજાયો હતો જેમાં પ્રાકૃતિક ખેતી આધારિત ખેડૂતો દ્વારા વિવિધ પ્રકારના સ્ટ્રોક મૂકવામાં આવ્યા હતા જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા અને ખેતીવાડી વિભાગ ના અધિકારી દ્વારા પ્રાકૃતિક ખેતી વિશે ઉપસ્થિત રહેલા ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. અને રાસાયણિક ખેતી ને બાકાત કરી પ્રાકૃતિક ખેતી કરવા તરફ ખેડૂતોને આહવાન કર્યું હતું.

### ડભોઇ નગરપાલિકાના વિવાદિત વર્તમાન બોર્ડની છેલ્લી સમગ્ર સભા પૂર્ણ

# સભા ગેરકાયદે બોલાવી હોવાના આક્ષેપ સાથે વિપક્ષનો વોકઆઉટ

(પ્રતિનિધિ) ડભોઇ, તા.14

ડભોઇ નગર પાલિકા ના વર્તમાન બોર્ડ ની છેલ્લી સમગ્ર સભા આજરોજ રાખવા માં આવેલ. જેમાં વિપક્ષ દ્વારા આ સભા ગેરકાયદેસર હોઈ વિપક્ષ દ્વારા વોક આઉટ કરવા માં આવેલ. જે બાબતે છેલ્લી સભા હોઈ આ સભા પૂર્ણ થાય એવી શાસક પક્ષ ની લાગણી વચ્ચે વિપક્ષ દ્વારા વોક આઉટ કરવા માં આવેલ. છેલ્લા પાંચ વર્ષ માં આ બોર્ડ દ્વારા કરેલા ઘણા સારા તો ઘણા વિવાદિત કામો માટે આ બોર્ડ ને નગરજનો કાયમ યાદ રાખશે એ નક્કી છે. વર્તમાન બોર્ડ ના સમય માં નગરજનો ને નવું દક્ષિણાભિમુખ એવું યમદ્વારી અધ્યતન પાલિકા ભવન પ્રાપ્ત થયેલ છે. સાથે સાથે નગર માં સ્પોર્ટ્સ સંકુલ નું ભવ્ય કહી શકાય તેવું દર્ભાવતી સ્પોર્ટ્સ સંકુલ પણ પ્રાપ્ત થયેલ છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક બાબતે પણ પ્રમુખ બીરેન શાહ ની કામગીરી પણ ખુબ સરસ રહી હતી.પરંતુ આ બોર્ડ ના સમય માં સૌથી વધુ ભ્રષ્ટાચાર ના આક્ષેપ પણ થયેલ છે. વિવાદિત કામો જોઈએ તો નગર પાલિકા ના કામદારો ની ભરતી એ સૌથી વિવાદિત વિષય રહેલ. સાથે સાથે બોર્ડ ના સભ્યો દ્વારા ભરતી થયેલ ઉમેદવારો પાસે થી રૂપિયા ની




લેતીદેતી ના વ્યવહારો બાબત ની ઓડિયો ટેપ પણ લીક થઇ હતી. જે મુદ્દો છેક પ્રદેશ કક્ષાએ ગયેલ. વધુ માં ગેરકાયદેસર બાંધકામ અને ઈમ્પેક્ટ ના બાંધકામ ફાઈલો બાબતે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થયેલ હતી. નગર ને ફાળવવા માં આવેલ રૂપિયા 18 કરોડ નો STP પમ્પ જે 2022 માં શરુ થઇ જવાનો હતો તે પણ હજુ સુધી શરુ થઇ શક્યો નથી. ટાઉન હોલ પણ એક યા બીજા કારણોસર છેલ્લા ઘણા સમય થી કામગીરી વગર બંધ જોવા મળેલ છે. શીતળાઈ સ્મશાન ની બાજુમાં આવેલ કચરા ના ઢગલા અને પારાવાર ગંદકી કેટલાય સમય સુધી પડી રહી. પરંતુ, બાજુ માં બિલ્ડર ની સાઈટ પડતાજ તાત્કાલિક ધોરણે ગંદકી ના ઢગલા હટાવી લીધા નું પણ નગરજનો માં ચર્ચાતું જોવા મળેલ છે.

### છોટાઉદેપુર એલસીબીનો સપાટો

# કોચવડ ગામે કારમાંથી રૂ.11.52 લાખનો વિદેશી દારૂ ઝડપાયો

**કારનો** ચાલક વાહન સ્થળ પર મૂકી ભાગી છૂટ્યો હતો



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

છોટાઉદેપુર જિલ્લાના પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ કોચવડ ગામ પાસે રોડ ઉપરથી લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) છોટાઉદેપુરે મોટી કાર્યવાહી કરી રૂ.11,52,808ના મુદ્દામાલ સાથે ભારતીય બનાવટનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર LCB સ્ટાફ પાનવડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યો હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે કિયા કંપનીની *સેલ્ટોસ કાર (રજી. નં. GJ-05-RV-1159)*માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરેલી હાલતમાં પસાર થવાની છે. બાતમીના આધારે પોલીસ સ્ટાફે કોચવડ ગામ નજીક નાકાબંધી કરી અને શંકાસ્પદ કારને રોકવાનો ઈશારો કર્યો હતો. જોકે કારનો ચાલક વાહન સ્થળ પર મૂકી ભાગી છૂટ્યો હતો. પોલીસે કારની તપાસ કરતા તેમાંમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે કારમાંથી કુલ 1504 બોટલ વિદેશી દારૂ, જેની કિંમત રૂ.3,52,808 થાય છે.

## સાંગમા સીમ પાસે ચાલતી ઈક્કો કારમાં અચાનક આગ લાગતા કાર સળગી

(પ્રતિનિધિ) પાદરા,તા.14

પાદરા તાલુકાના સાંગમા ગામની સીમમાં રામપુરા નાળા પાસે ચાલતી કારમાં અચાનક આગ લાગી જતા કાર સંપૂર્ણ સળગી જવાના બનાવથી વિસ્તારમાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ પાદરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. મળતી માહિતી મુજબ સાંગમા ગામના કુવાવાળું ફળીયામાં રહેતા નિતેશભાઈ રમેશભાઈ સોલંકી (ઉ.વ.૩૫) પોતાની સફેદ કલરની ઈક્કો કાર લઈને તા. ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૩:૧૫ વાગ્યે સાંગમા સીમ વિસ્તારમાં રામપુરા નાળા પાસે પસાર થઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક કોઈ કારણોસર કારમાં આગ ભભૂકી ઉઠી હતી. આગ લાગતા કારમાં બેઠેલા લોકોએ તાત્કાલિક બહાર આવી પોતાની જાન બચાવી લીધી હતી.

# તણખલા ગામે આવેલો બાગ સુવિધા ના અભાવે બન્યું વેરાન

**ગ્રામ પંચાયત** પાસે બાગને વિકસાવવા માટે ગ્રાન્ટ નથી



(પ્રતિનિધિ) નસવાડી, તા.14

નસવાડી તાલુકાની સાંકળ તણખલા જૂથ ગ્રામ પંચાયત નું તણખલા ગામ આવેલું છે. જ્યારે તાલુકાનું નસવાડી પછી નું સૌથી મોટું ગામ તણખલા છે અને પાંચ ગામોની ગ્રામ પંચાયત છે લોકો તણખલા ખાતે કામ અર્થે આવે છે જ્યારે વાર તહેવારો માં ફરવા માટે આવે છે ગ્રામ પંચાયત મોટી છે પરંતુ નાણાકીય આવક ઓછી છે બાગ ને વિકસાવવા માટે જિલ્લા પંચાયત દ્વારા અલગ અલગ યોજનાઓમાં ગ્રાન્ટ ફાળવવામાં આવે તો બાગ ને વિકસાવી શકાય તેમ છે.

નગરપાલિકાઓમાં બાગ વિકસાવવા માટે સરકાર અલગ અલગ યોજનાઓમાં ગ્રાન્ટ ફાળવે છે. તે રીતના ગ્રામ પંચાયતો માં પણ બાગ બનાવવા માટે ગ્રાન્ટ ફાળવવી જોઈએ સ્થાનિક લોકો ને બાગ બને તો ફાયદો થાય તેમ છે, મુખ્ય રોડ ઉપર બાગ આવેલ છે. લોકો ને સાંજ અને સવાર ના સમયે વોકિંગ માટે આ બાગ ઉપયોગી થઈ શકે તેમ છે બાગ ને વિકસાવવા માટે ધારાસભ્ય અને જિલ્લા પંચાયત સદસ્યો રસ રાખતા નથી પાંચ વર્ષ માં એક પણ રૂપિયો ગ્રાન્ટ બાગ માટે ના ફાળવતા બાગ વેરાન બન્યો છે બાગ માં સુવિધાઓ નો અભાવ હોવાથી લોકો બાગ માં જતા નથી.

### આ બાબતે અનેક રજુઆતો કરવા છતાં તંત્ર નિષ્ફળ

# પુનિયાદથી આનંદી ગામનો માર્ગ અતિ બિસ્માર બનતાં વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) શિનોર, તા.14

વડોદરા જીલ્લા ના શિનોર તાલુકાના પુનિયાદ થી આનંદી ગામ ને જોડતો પાકો માર્ગ પાંચ વર્ષ ના ટૂંકા ગાળામાં સતત ત્રીજી વાર અતિ બિસ્માર બનતાં વાહનચાલકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ બાબતે નિદ્રાધીન તંત્ર ને રજુઆતો કરવા છતાં, તેની ફરજ અદા કરવામાં સરેઆમ નિષ્ફળ રહેતાં, સ્થાનિક રહીશો માં તંત્ર વિરુદ્ધ ભારે આક્રોશ જોવા મળ્યો છે શિનોર તાલુકામાં એક ગામ થી અન્ય બીજા ગામને જોડતા નવા-જુના તમામ રસ્તાઓ માટે જવાબદાર તંત્ર સરેઆમ નિષ્ફળ નિવડ્યું હોય તેમનવા-જુના રસ્તાઓ ના નામે લાખ્ખો રૂપિયાના ઈંધણ બાદ માર્ગ સુવિધા ના નામે ગોળ કુંડાળું જોવા મળતાં સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે.



માર્ગ મકાન વિભાગ જીલ્લા પંચાયત વડોદરાના તાબા હેઠળની નાયબ કાર્યપાલક ઈજનેર ની કચેરી ડભોઇ પેટા વિભાગ ને રજુઆત કરવા છતાંય અધિકારીઓ ના પેટનું પાણી હાલતું નથી. રસ્તાઓ બાબતે અધિકારીઓ નું કોન્ટ્રાક્ટરો સાથે મેળાપીપણું હોય તેમ હલકી કક્ષાનું કામ કરી, તેરી ભી ચૂપ ઔર મેરી ભી ચૂપ ની નિતિ થી સરકારી નાણાંનો વેડફાટ થઈ રહ્યો હોય તેમ, સરકારી લાખ્ખો રૂપિયાના ઈંધણ બાદ માર્ગ સુવિધા ના નામે ગોળ કુંડાળું જ જોવા મળે છે. પુનિયાદ થી આનંદી ગામને જોડતા માર્ગ પર હાલ ઠેર-ઠેર મોટા ખાડાઓ પડ્યા હોય, પુનિયાદ ગામના એક જાગૃત નાગરિક દ્વારા તારીખ ૧૮ ફેબ્રુઆરી ના રોજ રુબરુ કચેરી ખાતે પહોંચી રજુઆત કરી હોવા છતાંય આજદીન સુધી કોઈ કાર્યવાહી કરાઈ નથી. ઉપરાંત આવી રજૂઆતો ના સમયે અધિકારીઓ સાથે ગુપ્તેગુ કરવા બેઠેલા કોન્ટ્રાક્ટરપોતાની મર્યાદાઓ ભુલી રજુઆત સંદર્ભે દરમિયાનગીરી કરે એ શું દર્શાવે છે ????

# છોટાઉદેપુરના જંગલ વિસ્તારમાં વનરાજીને બચાવવા વન વિભાગની અપીલ કરી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

હાલ ઉનાળાની શરૂઆત સાથે જ જંગલ વિસ્તારોમાં આગ લાગવાની (દવ) ઘટનાઓ વધી રહી છે. છોટાઉદેપુર જિલ્લાના જંગલ વિસ્તારોમાં વારંવાર લાગતી આગને રોકવા માટે રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) અને જિલ્લા વન વિભાગ દ્વારા સ્થાનિક ગ્રામજનોને એક વિશેષ અપીલ કરવામાં આવી છે.



વન અધિકારીએ જણાવ્યું કે જંગલમાં લાગતો 'દવ' એ માત્ર વૃક્ષો જ નહીં પણ સમગ્ર પ્રકૃતિ અને વન્યજીવો માટે મોટું નુકસાન છે. આ નુકસાનની ભરપાઈ ભવિષ્યમાં ખૂબ મુશ્કેલ બનશે. ગ્રામજનો જેઓ જંગલમાંથી વર્ષોથી ઔષધિઓ, લાકડાં અને ફળ-ફૂલ મેળવે છે, તેમને ખાસ વિનંતી કરવામાં આવી છે કે તેઓ જંગલમાં આગ ન લગાવે અને જો ક્યાંય આગ લાગેલી જોવા મળે તો તાત્કાલિક તેને બુઝાવવામાં મદદ કરે. અધિકારીએ ગ્રામજનોને યાદ અપાવ્યું કે આપણે પ્રકૃતિના પૂજક છીએ, તેથી જંગલને નુકસાન પહોંચાડવું એ એક 'મહાપાપ' સમાન છે.

વન વિભાગની સજ્જતા: વન વિભાગ આ મામલે સતત મોનિટરિંગ કરી રહ્યું છે અને સ્થાનિકોને પણ આ અભિયાનમાં જોડાવા આહવાન કર્યું છે.

# ચુડેલ ગામે બ્રિજની દયનીય સ્થિતિ, સળિયા બહાર આવતા અકસ્તાની ભીતિ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુરથી રંગલી ચાર રસ્તા જતા મુખ્ય માર્ગ પર ચુડેલ ગામ પાસે આવેલ બ્રિજની હાલત અત્યંત ખરાબ બનતી જઈ રહી છે. બ્રિજના કોંક્રીટમાંથી લોખંડના સળિયા બહાર આવી ગયા હોવાથી માર્ગ પર પસાર થતા નાના-મોટા તમામ વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



આ રસ્તા પર દિવસભર બે-ચક્રી વાહન, કાર, ટેમ્પો સહિત અનેક વાહનોની અવરજવર રહે છે. પરંતુ બ્રિજના સળિયા બહાર નીકળી જતા વાહનના ટાયર ફાટવાની તેમજ અકસ્માત થવાની ભીતિ વધી ગઈ છે. ખાસ કરીને રાત્રિના સમયે વાહનચાલકો માટે વધુ જોખમ ઉભું થઈ રહ્યું છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે લાંબા સમયથી બ્રિજની મરામત કરવામાં આવી નથી. જેના કારણે માર્ગની હાલત વધુ ખરાબ બની રહી છે. ગ્રામજનોએ તંત્રને વહેલી તકે બ્રિજની મરામત કરવા માટે માંગણી કરી છે, જેથી અકસ્માતની શક્યતા અટકાવી શકાય.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**મોતીયાનુ ઓપરેશન**
ટાંકાવગર માત્ર 8400માં દવાવાળા આઈકેર હોસ્પિટલ પાલનપુર જકાતનાકા, 9898133189

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગ: 8460222292, 8460222282

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડબગરવાડ, સુરત.

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**PRESIDENT PEST CONTROL**
35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

**CM PEST CONTROL**
લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

**સરળ Bank Loan**
કરાવી આપીશું, Good Profile ઈન્કમ Property, Gold, Business 9824141999

**ફીઝીકલ શેર સર્ટીફીકેટ**
વારસદારનાં નામે ટ્રાન્સફર તથા ખોવાયેલ ડુપ્લીકેટ મેળવવા ડીમેટ કરાવવા 9327312210

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા,ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (890)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**સ્વપ્ન ટ્રાવેલ્સ**
૫૨ વર્ષમાં પ્રવેશ રેલ્વે 2x2 દ્વારા (1) ચારધામ યાત્રા, બદ્રીનાથ, કેદારનાથ, યમનોત્રી, ગંગોત્રી, હરિદ્વાર, તારીખ- 21/4, 3/5, 10/5, અને 26/05, દિવસ-15. (2) અધિક માસમાં હરિદ્વાર, તારીખ- 22/5, દિવસ- 7. (રેલ્વે બુકીંગ 60 દિવસ પહેલા થાય છે) દરેક પ્રવાસો સંપૂર્ણ સગવડતા સહિત, મળો- દિપકભાઈ બોડીવાલા, યોગી કોમ્પ્લેક્ષ, મહેન્દ્ર કેરીવાલાની બાજુમાં, ન્યુ રાંદેરરોડ, સુરત.: 9825144143

**રોશનીશિવ ટ્રાવેલ્સ**
સુરત.- 9427478966, (1) તારીખ- 15/5, જગન્નાથપુરી, કલકત્તા, કામાખ્યાદેવી, વારાણસી, પ્રયાગરાજ, અયોધ્યા, દિવસ- 13, (2) તારીખ- 16/5, ચારધામ સાથે હરીદ્રાર, દિવસ- 15, (3) તારીખ- 17/5, તિરૂપતિ, રામેશ્વરમ, મદુરાઈ, હૈદરાબાદ, શ્રીશૈલમ, કન્યાકુમારી ત્રિવેન્દ્રમ, દિવસ- 12

**રોયલ ભુતાન.**
૩ સ્ટાર પ્રિમીયમ હોટલો/ બ્રેકફાસ્ટ- ડીનર/ AC ટોયોટા કોસ્ટર સાથે એક શ્રેષ્ઠ અને વ્યવસ્થિત આયોજન.ઉ.તારીખ: 22-05-26.જાણીતું અને અનુભવી નામ: બંકીમ મહેતા (સંસ્થાપક) સંપર્ક: 9429507723.JOY N JOY TRAVELS.

નોકરી વિષયક

**જોઈએ છે**
સ્કૂલબસ માટે ડ્રાઈવર- 4, કંડક્ટર- 3. ધન્વંતરિ કેમ્પસ- કિમ 9924204829- 9924204827

**વેચાણથી આપવાનું છે**
સેટેલાઇટ બંગ્લોઝ માં સંપૂર્ણ હવા ઉજાસ વાળું
3BHK વીલા
પ્લોટ સાઈઝ : 236 ચો.વાર
બાંધકામ : 3000 ફુટ
ગ્રાઉન્ડ + 1 (સેમી ફર્નીશ્ડ)
વધુ વિગત અને વિઝીટ માટે સંપર્ક કરો
9724230670

**જોઈએ છે**
રાઉન્ડ પરસન, ફ્લેબોટોમિસ્ટ, લેબ ટેક્નિશિયન. યુનિપેથ લેબ અઠવાગેટ. 9824981741 (894)

**Wanted Teacher**
(Hindi and English medium) Science Std 9 & 10, and 11 & 12 account, Statistic, Economics, B.A and S.P Contact: Sarvoday Vidyalay, Ved Road, Bahuchar Nagar, Surat, Mo: 9879039064

**ફ્લેટો વેચવાના છે**
અસલ ઉત્સવપ્રિય સુરતીઓ માટે ખાસ જુની સીવીલ કોર્ટ, બહુમાળી બિલ્ડીંગ પાસેના સૌથી સલામત ખારવા મહોલ્લા, નાનપુરા, સુરત-૧ ખાતે નવા બંધાયેલા
'માસ્તર્સ ડ્રીમસ્કેપ'
એપાર્ટમેન્ટમાં વેસુ, અડાજણ, પાલ જેવા સરસ ફ્લેટો
મો.૯૮૨૪૧૧૨૮૬૮

**જોઈએ છે**
(1) આઈ ટેસ્ટીંગ માટે OPTOMETRIST (એપ્ટોમેટ્રિસ) (2) ચશ્માની લાઈનના જાણકાર સેલ્સમેન સંપર્ક: 9638954442 (892)

મિલ્કત ભાડેથી

**ઓફીસ લાયક જગ્યા**
ભાડે આપવાની છે 105, દિપકલમ કોમર્શીયલ હબ, પહેલો માળ, સરથાણા જકાતનાકા, વરાછા મેઈન રોડ, સુરત. મો. 9427181185

**પ્રોપટી વેચવાની છે**
બેંકને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ અને કોર્પોરેટ કંપનીને ૯ વર્ષના ભાડા કરારથી આપેલ
જતીન શાહ
9227905111

લગ્ન વિષયક

**લગ્ન વિષયક**
કેનેડાનાં રહેવાસી (સીટીઝન) યુવક માટે કોઈ પણ કાસ્ટની યુવતી આવકાર્ય. ગણપતભાઈ જી. મૈસુરિયા મો. ૯૦૯૯૦૩૭૦૪૯ (891)

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
તમારો બાયોડેટા આપો અને પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે અપેક્ષા મુજબના પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

**સુરત નિવાસી**
એકલા રહેતા અપરણિત બ્રાહ્મણ ઉમર વર્ષ 72 નિવૃત પેન્સનર માટે જીવનસાથી જોઈએ છે. અપરણિત, છુટાછેડા, વિધવા ચાલશે (જ્ઞાતિબાધ નથી) 8849938284 (893)

**સુરત રહેતી**
32 વર્ષની જૈન એજ્યુકેડ યુવતી માટે બિઝનેસ ફેમીલીના યુવકના આવકાર્ય 9512318416

મિલ્કત લે-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

મિલ્કત વેચવાની છે

**અડાજણ મા જમનાદાસ**
ઘારીવાળાની સામે ની ગલીમાં જુનુ રો હાઉસ કોર્નરનું વેચાણમાં આપવાનું છે. 165 વાર 1- 20 CR (દલાલ માફ) 9875085968 (889)

**ઓલપાડ સાયણ રોડ**
પર આવેલ શિવશક્તિ રેસીડેન્સીયલમાં પ્લોટ ફાયદામાં અરજન્ટ વેચવાનો. 6354771821

**નવસારી શહેરનાં**
તાલુકા જલાલપોરના મોજે ગામ દિપલામાં આવેલ ગ્રીન ઓશનવે રેસીડેન્સીયલમાં પ્લોટ સસ્તામાં વેચવાનો 6354771821

**વેચવાનું**
એક્યુપ્રેશર બેડ સેન્ટર માત્ર 3 લાખમાં. વાર્ષિક આવક 12 લાખ. 9428533365

**મોરા (હજીરામાં)**
લેબર- સુરવાઈઝરને રહેવા લાયક રૂમવાળું મકાન વેચાણથી આપવાનું છે. 9152556396

**700 વાર બંગલાનો**
પ્લોટ આદર્શ અને નર્મદનગર સોસાયટી ઘોદદોડ રોડ મા વેચવાનો છે 9376959013

વાહન લે-વેચ

**છોટા હાથી વેચવાનો**
છે અથવા ૫ વર્ષનો કોન્ટ્રાક્ટ આપવાનો છે. માલિક કેનેડા જવાનું હોવાથી તાત્કાલિક તસ્દી લેવી, માર્કેટ તથા 30% ઓછા ભાવે ફ્લેટ આપવાના છે 3 રૂમ કીચન, 4000 સ્કેવરફીટ રાંદેર રોડ ઉપર વિજય સેલ્સની સામે આપવાના છે તથા 500 સ્કેવર ફીટની ઓફિસ આપવાની છે તથા પાલનપુર પાટીયા 4 માળની મેઈનરોડ ઉપર કોર્મશિયલ ઓફિસ આપવાની છે. મો: 9426152570 (888)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

*અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.*